# વાસ્તુવિદ્યાની જ્ઞાન શાખાનું ઉત્તમ ગ્રંથ શિલ્પસિદ્ધાન્તસંગ્રહ: એક સમીક્ષા

**પ્રિયંકકુમાર એન. રાવલ**
પીએચ.ડી શોધછાત્ર, અનુસ્નાતક સંસ્કૃત વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, આણંદ

**સારાશં :** વાસ્તુવિદ્યાને અથર્વવેદનો ઉપવેદ કહેવાય છે. વાસ્તુવિદ્યાના આચાર્યોની અવિચ્છન્ન સમૃદ્ધ અને સુદીર્ઘ પરંપરા રહી છે. યુરોપીય વ્યાપારીઓની સત્તા પૂર્વે એશિયન મહાદ્વિપમાં વાસ્તુવિદ્યાને આધ્યાત્મ અને કલા સ્વરૂપે લોકપ્રિય હતી. તેનું કારણ મિસ્રના પિરામિડ, હડપ્પા મોહનજોદડોના અવશેષો, ઘાસ, માટી, લાકડા અને ધાતુઓના પદાર્થો, અસ્ત્ર - શસ્ત્ર, મકાનો, પાત્ર, મઠ - મંદિર, મૂર્તિ, વાદ્યયન્ત્રો, દુર્ગ, વ્યાપાર સામગ્રી, પરિવહન, માર્ગ, શિક્ષા સામગ્રી, જળાશય, સરોવર આદિ અનેક વસ્તુઓ વાસ્તુશાસ્ત્રના આધારે જ હતી. આચાર્યોના મતે ૫૧૨ જેટલી વાસ્તુ સંબંધી કલા છે. વાસ્તુવિદ્યા લોક ઉપયોગીતાની સાથે સાથે વિજ્ઞાન, ધર્મ, દર્શન, સંસ્કૃતિ, ભૂગોલ, ઈતિહાસ, સભ્યતા, વનસ્પતિ, જ્યોતિષ, પર્યાવરણ, રસાયણ, મનોવિજ્ઞાન, આયુર્વેદ, સાહિત્ય, અર્થશાસ્ત્ર, કર્મકાંડ, યન્ત્ર, મંત્ર, તંત્ર, વસ્ત્રનિર્માણ, વર્ણવિજ્ઞાન, રાજનીતિ, આદિ અનેક શાસ્ત્રો સાથે આન્તર સંબંધ રહેલો છે. વાસ્તુવિદ્યા માનવજીવનની સમસ્યાનું નિરાકરણ કરનાર વિદ્યા છે. આજની ૨૧મી સદીમાં અનેક સમસ્યાઓનો સામનો માનવજીવન કરી રહ્યા છે જેમ કે વસ્તી વધારો, બેરોજગારી, મોઘવારી, ધર્મોમાં અસમાનતા આદિ સમસ્યાઓનું સમાધાન કોઈ સાસન કર્તા દ્વારા શક્ય નથી પરંતુ તેનું સમાધાન વાસ્તુવિદ્યામાં છે. જેમાં સૂત્રધાર, શ્રમિક, જ્યોતિષ, કલાકાર, ચિત્રકાર, મૂર્તિકલા, વર્ણો તથા અનેક લોકો સમાનરૂપે લાભાન્વિત થતા હોય છે.વાસ્તુવિદ્યાથી યુવાનોને રોજગારનો અવસર પ્રાપ્ત થાય છે. સાથે સાથે રાષ્ટ્રનું યુવાધનને સુરક્ષિત રાખવા માટે સુચારુ વ્યવસ્થા પણ છે. વાસ્તુના સિદ્ધાન્તોને આધારે અસખ્ય નિર્મિતિઓ દેશની જરૂરીયાત પ્રમાણે પૂર્ણ થાય છે તથા વિવિધ પદાર્થોના નિકાસ કરતા વિદેશી આવકમાં વૃદ્ધિ પણ જોવા મળે છે.

**મૂલ શબ્દ :** વાસ્તુવિદ્યા, શિલ્પશાસ્ત્ર, સ્થાપત્યકલા, **શિલ્પસિદ્ધાન્તસંગ્રહ**, ડૉ.દ્વિવેદીજી સ્થાપત્યકલામાં પ્રદાન.

## પ્રસ્તાવના :

સ્થાપત્યકલામાં શ્રમનું ખુબ મહત્વ છે. જેના કારણે એક બીજા સાથે મળીને પરીશ્રમ કરીને પારસ્પરીક સૌમનસ્યમાં વધારો થતો હોય છે. સાથે મળીને પોતાના સુખ દુઃખમાં સહભાગી બનાય છે. તેમાં કૌટુમ્બીક ભાવનાનો વિકાસ થાય છે. કલાકાર પોતાની રૂચી અને આવસ્યકતા અનુસાર વસ્તુનું નિર્માણ કરીને સમર્થ અને સફળ બને છે. જેના કારણે વ્યક્તિ સ્વાવલમ્બનની દિશામાં પ્રગતિ કરે છે. આમ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રનું સન્માન વધે છે.

ચરિત્રના અભાવથી પારસ્પરિક અવિશ્વાસ, હિંસા, કલહ, અલગતાવાદ, રાષ્ટ્રીયતાની ઉણપ, સીમાવિવાદ, ગરીબી અને અસન્તોષ આદિ સમસ્યાઓ દિવસે દિવસે વધતી જાય છે. આ સમસ્યા માંથી બહાર નિકળવા માટે ગ્રંથની પ્રથમ શર્ત સેવા, સમર્પણ, જ્ઞાન અને ચરિત્ર રક્ષા છે. તે પછી કલા, ધર્મ, સંસ્કૃતિ અને રાષ્ટ્રીયતા પ્રતિ પ્રેમ તે આ ગ્રંથની પ્રતિજ્ઞા રહી છે. શિલ્પી અને સૂત્રધાર લક્ષણ આપતા ગ્રંથમાં કહેવાયું છે કે...

विस्वकर्मकुले जातौगुणज्ञौनिपुनावुभौ,
शास्त्रज्ञौतर्ककुशलौबुद्धिमन्तौगत स्पृहौ |
प्रसाद शिखरादिषु क्रियासु कुशलौसदा,
सुत्रधारश्च शिल्पि च यौज्यौवैगृहसाधने ||[1]
सुशीलश्च चतुरो दशः शास्त्रज्ञो लोभवर्जित,
क्षमावान च द्विजश्चैव सुत्रधारः स उच्यते ||[2]

## શિલ્પસિદ્ધાન્તસંગ્રહ ગ્રંથ સમીક્ષા :

શિલ્પશાસ્ત્ર જ્ઞાન શાખામાં વાસ્તુશાસ્ત્રી માટી, પત્થર, ધાતુ, લાકડાની સામાન્ય વસ્તુઓમાં શિવ, વિષ્ણુ, બ્રહ્મા, બુદ્ધ, મહાવિર, રામ, કૃષ્ણ, પરશુરામ જેવા સ્વરૂપોની અભિવ્યક્તિ થાય છે. તે જમીન અને જામીર બન્ને સાથે જોડાયેલ વ્યક્તિ હોય છે. શિલ્પશાસ્ત્રી ભૂમિ પ્રમિ હોવાથી રાષ્ટ્રીયતા સાકાર થાય છે. આચાર્ય મયમતમ્ વાસ્તુની પરિભાષા આપતા કહે છે કે

[1] शिल्पसिद्धान्तसंग्रह २/२३-२४
[2] शिल्पसिद्धान्तसंग्रह १०/८१

अमर्त्याश्चैव मर्त्याश्च यत्र तत्र वसन्ति हि ।
तद् वस्त्विति मतंतज्ज्ञैस्तद्भेदं च वदाम्यहम् ॥
भूमिप्रासादयानानि शयनञ्च चतुर्विधं ।
भूरेव मुख्यवस्तु स्यात् तत्र जातानि यानि हि ॥
प्रासादादीनि वास्तुनि वस्तुत्वाद् वस्तुसंश्रयात ।
वस्तुन्येव हि तन्येव प्रोक्तान्यस्मिन पुरातनैः ॥[3]

શિલ્પસિદ્ધાન્તસંગ્રહ ગ્રંથ વાસ્તુ આધારિત ગ્રંથ છે. જેમાં કુલ ૧૦ અધ્યાયમાં વિભાજન કરેલ છે. પ્રસ્તુત ગ્રંથ વિશ્વકર્મા પ્રણિત સિદ્ધાન્તોનું સંકલિત સ્વરૂપ છે. જેમાં શિલ્પના અનેક પ્રામાણિક ગ્રંથોના શ્લોકોનું સંગ્રહ કરેલ છે. ગ્રંથના આરમ્ભમાં અને અન્તમાં વિશ્વકર્માની સ્તુતિ કરવામાં આવી છે.

कंवा सुत्राम्बुपात्रवहति करतले पुस्तके ज्ञानसूत्रम्,
हंसारुढस्त्रिनेत्रेः शुभमुकुटशिरः सर्वतो वृद्धकाय ।
त्रैलोक्ययेन सृष्टसकलसुरगृहराजहर्म्याह्लीहर्म्यं,
देवोऽसौसुत्रधरौ जगदखिलहितः पातु वो विश्वकर्मा ॥[4]

ભૂવનો, નગર આદિ તથા અન્ય વાસ્તુઓના રચયિતા આચાર્ય વિશ્વકર્મા જ છે[5] અને ગ્રંથના અન્તમાં દેવોની વંદના કરી વિશ્વકર્માને સર્વોપરિ દેવ સ્વરૂપે પ્રસ્તુત કરેલ છે.[6] શિલ્પસિદ્ધાન્તસંગ્રહ કુલ બે ભાગમાં વિભાજીત છે. પૂર્વાધ અને ઉત્તરાર્ધ. પૂર્વાધમાં ૬ અધ્યાય છે. જેમાં શ્લોકોની સંખ્યા ૨૮૫ છે. (અનુક્રમે ૫૩,૩૧,૪૨,૮૧,૩૩,૪૨) અને ઉત્તરાર્ધમાં કુલ ૩૭૨ શ્લકો છે. (અનુક્રમે ૩૯,૧૫૭,૯૦,૮૬) ગ્રંથમાં કુલ ૬૪૭ શ્લોકોથી સંકલિત કરેલ છે.

ડૉ.દ્વિવેદીજીને આ ગ્રંથ જીર્ણશીલ અવસ્થામાં પ્રાપ્ત થયો હતો. જેમાં ગ્રંથકારનો કોઈ પણ જગ્યાએ નામ સ્પષ્ટ પ્રાપ્ત ન થયુ. તેમ છતા ગ્રંથના ૧૦ અધ્યાયમાં ૮૪માં શ્લોક આધારે પ્રતિત થાય છે કે ગ્રંથનું સંકલન આત્મારામે ર્ક્યુ હશે.[7] પરંતુ ઉપરોક્ત તથ્યથી પૂર્ણ નિર્ણય લઈ શકાતો નથી કારણ કે ગ્રંથમાં એક અન્ય પ્રમાણના આધારે ગ્રંથના કર્તા સૂર્યપતન (સૂપ્ત) નિવાસી શિવનારયણના પુત્ર કલ્પાતિ દ્વારા ગ્રંથ તૈયાર થયો હશે જે અનન્ય શિવ ભક્ત હતા.

शिवनारायणो ह्यासीद्विमले सुर्यपत्तने,
तस्यात्ममहातेजः शिल्पशास्त्रविशारदः ।
कल्पाति समाख्यातो शिवभक्तिपरायणः,
शिल्पिनान्तु हितार्थाय कृतवान् सार**संग्रह**म ॥

ડૉ.દ્વિવેદીજીને બીજા અન્ય તથ્યો પ્રાપ્ત ન થતા બીજી કોઈ ગ્રંથમાં કર્તાનો ઉલ્લેખ મળતો નથી અને ગ્રંથ પરની અન્ય કોઈ ટીકા ઉપલબ્ધ ન થવાથી તેમણે હિન્દીમાં ટીકા લખવાનું ઉત્તમ કાર્ય ર્ક્યુ છે. દ્વિવેદીજીએ તે ટીકાનું નામ સુભાવતી રાખ્યુ છે. કેમ કે તે ટીકાના આધારે લોકમંગલની શુભકામના તથા સાથે સાથે વાસ્તુશાસ્ત્ર સંબંધી સિદ્ધાન્તોની સમીક્ષા કરેલ છે. ગ્રંથના આદિ મધ્યમ અને અંતમાં દેવો તથા દેવીની સ્તુતિ કરીને વંદના કરેલ છે.

વસ્તુતઃ ગ્રંથમાં કુલ ૧૨ અધ્યાયો હતા. પરંતુ ડૉ.દ્વિવેદીજીને પૂર્ણતઃ ગ્રંથ ઉપલબ્ધ ન થતા તૃતીય અધ્યાયથી ગ્રંથ પ્રાપ્ત થતા તૃતીય અધ્યાયને પ્રથમ અધ્યાય માનીને કુલ ૧૦ અધ્યાયમાં ગ્રંથનો સ્વીકાર ર્ક્યો છે. જેમાં શિલ્પાચાર્ય વિશ્વકર્મા પ્રણીત સિદ્ધાન્તો તથા તેમના અનુયાયીના ગ્રંથો, રાજવલ્લભ અને સમરાંગણ સૂત્રધારની કૃતિઓનુ સંકલન કરી તે સામગ્રીનું અનુવર્તિત અને સમધૃત કરેલ છે. ગ્રંથનું શીર્ષક સંક્ષિપ્ત અને પ્રતિપાધ્ય વિષયને અનુરૂપ છે. તે ટીકા ગુજરાતી અને હિન્દીમાં અનુવાદ તરીકે પ્રકાશિત થયેલ છે.

મૂળગ્રંથમાં શ્લોક સંરચના અને છંદો પર વિચાર કરીએતો વ્યાકરણ અને છંદશાસ્ત્રના નિયમોની દ્રષ્ટીએ ગ્રંથમાં અનેક અશુદ્ધિઓ હતી. જે ડૉ.દ્વિવેદીજીના પ્રયત્નો દ્વારા મહદ અંશે અશુદ્ધિઓ સુધારી વ્યવસ્થિત કરવાનો ઉત્તમ પ્રયાસ ર્ક્યો છે. મૂળ ગ્રંથમાં પ્રકાશક દ્વારા વિલમ્બ, કોષ્ઠક નિમાર્ણ, છંદ, વ્યાકરણ સંબંધી અશુદ્ધિઓ દૂર કરવા ડૉ.દ્વિવેદીજીને અનેક વર્ષો સુધી યાત્રા કરવી પડી તેમ છતાં તે ગ્રંથ શુદ્ધ અને પરિપૂર્ણ ન થઈ શક્યો. પણ એટલુ ચોક્કસ કહી શકાય કે જ્ઞાન સમુચ્ચય પૂર્વાચાર્યો તથા ઋષિઓની ગહન સાધનાનું પાવક પરિણામ આ ગ્રંથમાં છે. જેમ કે લેખન, પઠન, અનુવાદ, પ્રચાર, પ્રસારની પરંપરાને અગ્રગામી બનાવ્યુ છે. તેને અક્ષુણતા પ્રદાન કરવા પ્રત્યેક સુધીજન દાયિત્વ છે. વાસ્તુશાસ્ત્રના અનેક ગ્રંથોની અપેક્ષાએ આ ગ્રંથ સરળ, સહજ અને બોધગમ્ય છે. ગ્રંથમાં અનેક વિધ અપૂર્ણતા હોવા છતા વિશેષતાઓથી પરીપૂર્ણ છે. ડૉ.દ્વિવેદીજીએ ગ્રંથનું હિન્દી ટીકા રચિને પ્રકાસન,સંપાદન કરવાનું આવશ્યક

---

[3] **मयमतम् २/ १-३**
[4] **शिल्पसिद्धान्तसंग्रह १/४**
[5] **शिल्पसिद्धान्तसंग्रह १/६**
[6] **शिल्पसिद्धान्तसंग्रह १०/८२-८५**
[7] **शिल्पसिद्धान्तसंग्रह १०/८४**

સમજ્યુ. તેમણે ગ્રંથમાં આવતા વર્ણ્યવિષયને આધારે અધ્યાયો તથા તે અન્તર્ગત પ્રકરણો અને ઉપપ્રકરણોના નામાકરણ આપેલ છે જે વિષયવસ્તુના આધારે યથા યોગ્ય છે.

ગ્રંથના પ્રથમ અધ્યાયનું નામ શુભમુહૂર્તવર્ણન છે. જેમાં વિશ્વકર્માની સ્તુતિ, ગ્રહ વર્ણન, માસ ફળ, રાશિફળ, નૂતન વસ્ત્રધારણ સંબંધી નક્ષત્ર, તિથિ, દિવસ, મહિનામાં આવતા યોગ, ઘાતચિંતન, જીર્ણોધાર વિચાર, ભવન આરમ્ભ, લગ્ન, ગ્રહફલ, ભવનાયુષ્ય, વત્સચક્ર, ભૂમિ મુહૂર્ત, ભૂમિ પરિક્ષણ, પ્રસાદ શલ્ય અને શોધન પ્રભૂતિ વિષયોનું વર્ણન કરેલ છે. બીજા અધ્યાયનું નામ વાસ્તુનિરૂપણ છે. જેમાં ૩૧ શ્લોકો દ્વારા વાસ્તુવિચાર, કલશચક્ર, વાસ્તુવૃતાન્ત, મન્ત્ર, પદ અને પૂજનાદિનું વિવેચન કરેલ છે. દ્વારમુહૂર્તવિવેક નામક તૃતીય અધ્યાયમાં ૪૨ શ્લોકો છે . જેમાં સ્તમ્ભચક્ર, મોભચક્ર, મુદ્રાચિત્ર, વાહન, ષટ્ચક્ર, ધનુબાર્ણ, કૃષિ, હોળીવાહન અને હલચક્ર આદિ વિષયો પર વિચાર કરવામાં આવ્યો છે. ચોથા અધ્યાયનું નામ ‘ભવનપ્રસાદાદિફલાય નક્ષત્ર વિધાનમ્’ છે. જેમાં કુલ ૮૧ શ્લોકો દ્વારા નાડી, રાશિ, ક્ષેત્રફલ, નામાક્ષર, તિથિ, રાશિ સ્વામિ, ગૃહમૈત્રી, વર્ણ, યોનિ તથા તત્ સંબંધ ચક્રોની સચિત્ર ઉપસ્થાપના કરેલ છે. પાંચમાં અધ્યાયનું નામ ‘ગજાદિકાષ્ઠનિર્માણરેખાદિનિરૂપણસાર’ છે. જેમાં ૩૩ શ્લોકો દ્વારા વૃક્ષફલ, કાષ્ઠ, ગજ, આકૃતિ, રેખાચક્ર તથા અશ્વગર્ભ આદિ વિષયોની સૂક્ષ્મ મીમાંસા કરવામાં આવી છે. ‘દ્વારાદિવિસ્તાર’ નામક છઠ્ઠા અધ્યાયમાં ૪૨ શ્લોકો દ્વારા મેદ્વારવિભાગ, ઉપદ્વાર, દ્વારોદય, પાષાણભેદ, દ્વારોપરિદ્વાર, ગૃહપ્રવેશ તથા મૂલભિતિ આદિ વિષયોનું સૂક્ષ્મ વિવેચન ર્ક્યુ છે.

શિલ્પસિદ્ધાન્તસંગ્રહના ઉત્તરાર્ધ ભાગમાં સાતમાં અધ્યાયમાં ૩૯ શ્લોકો છે. જેનું નામ ‘નગરદુર્ગજલાશયપ્રસાદાદિવિભાગ’ છે. જેમાં દુર્ગ, જળાશય, પ્રાસાદ, નગર, પ્રશાસનિક ભવન, રાજા પ્રસાદ, સિહાસન, ભૂમિ વૃદ્ધિ, અન્તગૃહ અને ક્રીડા સ્થાનોના વર્ણનની સાથે-સાથે વિવિધ ચક્રોનું નિર્માણ કરેલ છે. જેના થકી વિષય બોધ કરનાર જીજ્ઞાસુને સરળતા મળી શકે. આઠમાં અધ્યાયનું નામ ‘પ્રાસાદનુરૂપણસમ્ વિભાગ’ છે. જે સમગ્ર ગ્રંથમાં બ્રૃહદ અધ્યાય ગણવામાં આવે છે. જેમાં ૧૫૭ શ્લોકો દ્વારા પ્રાસાદ સંબંધી કૂર્મવિચાર, જગતી, પ્રાસાદની જાતી, પ્રકાર ઉપપ્રકારો, મળોવર, ગર્ભગૃહ, ઉદુમ્બર, મેરૂપ્રાસાદ, શાખા વિસ્તાર, કળશ, શિખર, ચન્દ્રાર્ધ, ધ્વજદંડ, મંડપ, સ્તમ્ભ, ગૂઢમંડપ, તથા દ્વારવેધક વાસ્તુ વિષયનું ચિંતન કરવામાં આવેલ છે. નવમાં અધ્યાયનું નામ ‘દેવસ્વરૂપવિસ્તાર’ છે. જેમાં ૯૦ શ્લોકો દ્વારા પ્રતિમા – દ્રષ્ટિ પ્રમાણ, બ્રહ્મા, ગણેશ, સાવિત્રી, સૂર્યવિગ્રહ, શિવ, ક્ષેત્રપાલ, દેવમુખાદિડનિર્ધારણ, જૈનમૂર્તિ તથા શિવનિર્માલ્ય, પ્રદક્ષિણાનું મહત્વ આદિ વિષયો પર ગહન તેમજ વિસ્તારથી વિવેચન કરેલ છે. ‘દેવપ્રતિષ્ઠાદિવિસ્તાર’ નામક દશમાં અધ્યાયમાં ૮૬ શ્લોકો દ્વારા મૂર્તિપ્રતિષ્ઠાના મુહૂર્ત, ફલ, વાસ્તુપૂજન, ભૂમિદ્રવ્યશોધન, દ્રવ્યજ્ઞાન, પ્રાસાદ કુંડ, મંડપ, દેવપ્રતિષ્ઠિતપૂજા, જીર્ણોધાર, પ્રોક્ષણ તથા સૂત્રધારાદિ લક્ષણ ઈત્યાદિ વિષયોની ગંભીરતાથી વિવેચન કરેલ છે.

## નિષ્કર્ષ :

ડૉ.દ્વિવેદીજી દ્વારા અનુવાદક,સંપાદિત **शिल्पसिद्धान्तसंग्रह:** (સુભાવતીટીકા સહિત) ગ્રંથમાં અનેકવિધ વ્યાપક સમ્ભાવનાઓ રહેલ છે. જેમાં વાસ્તુકલાના માધ્યમથી સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરી રાષ્ટ્ર આત્મનિર્ભર થાય છે. આપણી કલા, સંસ્કૃતિ અને ઈતિહાસનું ગૌરવ વધે છે. આજે રાષ્ટ્રમાં ચરિત્ર નિર્માણની સર્વાધિક આવશ્યક્તા રહેલ છે. કેમ કે ચરિત્રના અભાવથી પારસ્પરિક અવિશ્વાસ, હિંસા, કલહ, અલગતાવાદ, રાષ્ટ્રીયતાની ઉણપ, સીમાવિવાદ, ગરીબી અને અસન્તોષ આદિ સમસ્યાઓ દિવસે દિવસે વધતી જાય છે. આ સમસ્યા માંથી બહાર નિકળવા માટે વાસ્તુની પ્રથમ શર્ત સેવા, સમર્પણ, જ્ઞાન અને ચરિત્ર રક્ષા છે. તે પછી કલા, ધર્મ, સંસ્કૃતિ અને રાષ્ટ્રીયતા પ્રતિ પ્રેમ તે આ ગ્રંથની પ્રતિજ્ઞા રહી છે.

વાસ્તુશાસ્ત્રને ઉપવેદ તરીકે સ્વીકાર થયો છે. વાસ્તુવિદ્યા ખુબ ગંભીર વિષય છે તે વિષય સાગરમાં ડૂબકી મારવી ખુબ અઘરી છે. છતાં આવા વિષયો પર અભ્યાસ કરવાનો શોખ ડૉ.દ્વિવેદીજીને નાનપણથી જ રહી છે. તેમની પ્રજ્ઞા અને રૂચી થકી આવા વિષયોનું ચિંતન તથા મનન કરી ટીકા લખવાનો ઉત્તમ પ્રયાસ ર્ક્યો છે. તેમને આવા ઉત્તમ કાર્યની સફળતા ગુરૂઓ દ્વારા મળેલ આર્શીવાદથી જ ગ્રંથ સમ્પન્ન થયો છે. તેવી ભાવના અને તેમની કૃતજ્ઞતા ગ્રંથના અંતમાં તેમની વર્ણવી છે.

## સંદર્ભ ગ્રંથસૂચિ :

૧. મહામહોપાધ્યાય પ્રો.ડૉ. જયપ્રકાશનારાયણ દ્વિવેદીજી: શિલ્પસિદ્ધાન્તસંગ્રહ, કમલેશ પ્રકાશન મંદિર, જામનગર, ગુજરાત, પ્રથમ સંસ્કરણ, ૨૦૧૬
૨. દ્વિજેન્દ્રનાથ શુક્લ: ભારતીય વાસ્તુશાસ્ત્ર, વાસ્તુ વાડમય પ્રકાશન શાખા, લખનઉ, પ્રથમ આવૃત્તિ.
૩. ડૉ.શૈલેજા પાળ્ડેય: મયમતમ્, ચૌખમ્બા સુરભારતિ, વારણસી, પ્રથમ આવૃત્તિ.